# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, શિક્ષકો અને ફાર્મના વડાઓને જણાવવાનું કે કેટલાક ફાર્મના વડા જે તે ફાર્મની પાક–યોજના બનાવે તે વખતે અને ઘણા સંશોધન વૈજ્ઞાનિકો ખેડૂતોપયોગી લેખ કે સાહિત્ય પ્રકાશિત કરતી વખતે સરકારે પ્રતિબંધિત કરેલ જંતુનાશક દવાઓનો ઉલ્લેખ કરે છે, તે બરાબર નથી. ખાસ કરીને પ્રતિબંધિત જંતુનાશક દવાઓનો ઉલ્લેખ ખેડૂત ઉપયોગી સાહિત્ય / લેખોમાં કરવામાં આવે છે ત્યારે કૃષિ વિસ્તરણ કાર્યકરો મુંજવણ અનુભવે છે અને કાયદાકીય રીતે પણ આ ઘણી જ ગંભીર બાબત છે. જેથી આ બાબતે સર્વેને તાકીદ કરવામાં આવે છે કે આ બાબતની પુરતી કાળજી રાખે. આ ઉપરાંત ઘણા લેખકો આવા સાહિત્યમાં પાકની જે જાતો ખેડૂતોમાં ખાસ પ્રચલિત ન હોય, ડીનોટીફાઈડ થઈ હોય કે જેનું બિયારણ કયાંય ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય તેમજ કોઈપણ સંસ્થા ધ્વારા ભલામણ કરવામાં ન આવેલ હોય તેવી જાતોનો ઉલ્લેખ પણ કરતા હોય છે. આ પ્રકારના લેખ કે સાહિત્યમાં આવી બાબતોનો સમાવેશ કરવો એ જે તે લેખકની બેદરકારી દર્શાવે છે.

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારીઓ અને કૃષિ વિસ્તરણ સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓને જણાવવાનું કે જયારે જયારે કૃષિ વિષયક ખેડૂતોપયોગી સાહિત્ય પ્રસિધ્ધ કરે ત્યારે ઉપરોકત બાબતની ખાસ તકેદારી રાખે. જરૂર જણાય તો સાહિત્ય પ્રકાશિત કરતા પહેલા સબંધિત વિષયના નિષ્ણાંતને બતાવી / પરામર્શ કર્યા પછી જ પ્રસિધ્ધ કરવાની યોગ્ય કાર્યવાહી કરે. આવા કૃષિ સબંધિત સાહિત્ય / લેખો જે તે કર્મચારીઓ / અધિકારીશ્રીઓએ તેમની કચેરી મારફત મોકલવાના રહેશે. કચેરીના વડાએ તેની તાંત્રિક રીતે પૂરતી ચકાસણી કરીને ત્યાર બાદ પ્રકાશિત માટે મોકલવા જણાવવામાં આવે છે.

જંતુનાશક દવાઓ અંગેની સઘળી માહિતી સેન્ટ્રલ ઈન્સેફટીસાઈડ બોર્ડની વેબસાઈટ www.cibrc પરથી મળી રહેશે. પ્રતિબંધિત થયેલ અને મર્યાદિત ઉપયોગ અંગે જંતુનાશક દવાઓ વિષેનો એક લેખ આગામી થોડા સમયમાં "કૃષિગોવિદ્યા" માસિકમાં પ્રકાશિત કરવામાં આવશે.

જા.નં. આકૃયુ/સંનિ/ટી.૩/૬૨૭૬ /૧૩,
તારીખ ૨૫/૯/૨૦૧૩

(સહી)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના</u> :

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ, ફાર્મના વડાશ્રીઓ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી માટે.

(૨) મા. કુલપતિશ્રીના અંગત રહસ્ય સચિવ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ થવા સારૂ.